બનામે ખુદા.

પંડીત નારાયણ પ્રસાદ "બેતાબે"

રચેલા

મહાભારત

નામના, ખેલમા ગવાતા ગાયણો, ખેલનો ટુંક સાર

તથા માલેકના

"દુખી દીલનું દાસતાન."

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી પારસી આલફ્રેડ થીએટ્રીકલ કંપનીના

માલેક

કાવસજી પાલનજી ખટાઉ.

નકલ ૫૦૦૦

મુંબઈ --

આર્યાના પ્રીંટીંગ પ્રેસમા હોરમજી બેગમજી આરીયાએ છાપીછે.

સામેસટ સ્ટ્રીટ નંબર ૩૬.

કીમ્મત આના ત્રણ.

બનામે ખુદા.

"દુ:ખી દીલનું દાસ્તાન"

પ્રીય વાચનાર, મારા મેહરબાન મીત્રોએ આગ્રહ કરવાથીજ અનેક અનગમા છતા હુ મારા જખમાયલા જીગરમા ખટકતા ખ્યાલોના ખખારીને ખુલાસો કરવાની તક હાથ ધરૂ છુ, અને આશા રાખુ છુ કે તમારાબીન આલમ લેહાજને મુરબ્બત ન રાખતા ઓળખાણ યા પીછાણને વશ ન થતા પ્રમાણીક પરીક્ષા કરી અદલ ઇન્સાફ આપશે

જેઓ બારીક બીન નુક્તેચીન આ કમનસીબની બચપણથી આજ દીનની કારકીર્દી ઉપર જો ધ્યાનપૂ નીગાહ રાખતો હશે તો તે એમજ નોંધી લીધો હશે કે ફીદાઅલી પોતાની ૫૮ વરસની ઉમ્મરમા જેમા ૪૫ વરસની નાટકી સેવામા **માન ચાંદનો લોભ યા લાલચ** ધરી નથી તેમજ અપને મુહ મીયા મીઠુ બની **અરવીંગ યા ત્રીના** બતાઓની જાહેરાત કરી નથી બલકે આજવેર મી ખટાઉ કલાનો પાર્ટ કરશે યા કલાના વાવ મારશેનુ વર્ણન વટીક કીધુ નથી સરકની જ્યુબીલી ટાણે મારા બરખુરદાર મીત્રોએ મારે માટે લખેલા લેખમા એક મીત્ર લખ્યુ હતુ કે "**અરવીંગ** યા **ત્રીના** બતાઓના બાબુરાટક કરતા એ મારા નીજને સદા મી ખટાઉનાજ સાદા એકલવ્યથી ઓળખવા હુ વધુ પસંદ કરીશ" એજ રીતી નીતી અખત્યાર કરી છે એટલે જેમ આજવેર પોતાની પડતી હાલતના પડદા કાગળો બની પ્રજાને કાને પાડયા નથી તેમજ ચડતી હાલતની બડાઈના બાકા યા બ્યુગલ ચાબો થઈ જાતે યા પરાયા હાથે વગડાવ્યા નથી પણ ચડતી અને પડતી બન્નેમા શાંતી સાથે ખોદાપર ભરોસા રાખી વરસાવેર દેરાવટો ભોગવી, જગની બનાગીથી દુર રહી નગર રોટીપર સંતોષ પામી બની રહેતી પ્રજા સેવા બજાવી છે ત છતા આ મારા બુઢાપામા સીધી યા આડકત્રી રીતે મારો હક લુટાય મારૂ બુરૂ થાય ત્યારે જે **પ્રજાની** હુ ૪૫ વરસથી સેવા બજાઉ તેની પાસે દાદ ઇન્સાફ નહિ ચાહુ, મારા કરમની કહાણી તેને નહિ સંભળાઉ તો કોણની પાસે દુ:ખના ગીતડા ગાઉ?

સેવકનો આ બળાપા બખાળાનો બડબડાટ "**મહાભારત**" નાટક માટેનો છે, અને તે શી મકસદનો છે તે **દુ:ખી દાસ્તાન** લંબાણથી લખવાની સેવકને ફરજ પડશે. વાચનાર કંટાળતો ના પણ ધ્યાન ધરી સમજજે. ત્રણ વરસની ચાલુ મેહનત અને જેહમત સાથે ત્રીસ હજારના ભોગે આલફ્રેડ નાટક મંડળીએ "**મહાભારત**" નાટક તા૦ ૨૯ મી જાનેવારી ૧૯૧૩ ની રાત્રે દીલ્હીનાં સંગમ થીએટરમાં ખોદાની મેહરબાનીથી પેહલ્લીવાર ભજવી બતાવ્યો હતો દાદારની દયાથી તે વખણાયો પ્રજાની પસંદગી પામ્યો કમતરીન પાચ પૈસા કમાયો એટલે આઇતાપર કોઇતુ મારનારાઓની આખોમા ભોકાયો છ મહીનામા મારાજ નમકખાર પાળેલા કુત્રાઓથી ભેદ ભરી રીતે તે લુટાયો ચોરાયો અને ચાલતો ચાલતો પંજાબથી છેક બંગાળમા જઇ છુપાયો, અલબતા મુસાફરીની અપ્રમાણીક રખડપટીની હાડમારીથી તેના અસલ અવતારના બેઅવતાર તો થયા પણ ખુદ ખાનદાન અને ખમીર ખડતલ હશે તેથી હાડપીંજર તો જેવુ ને તેવુ જ ખાસુ ખડુ ને તડું રહયુ જેથી સુરત શકલ નાક નકશાપરથી આબાદ પરખાયો ઓળખાયો. ૧૯૧૩ ના વરસ પછી બંગાળનો તોફાની પવન ૧૯૧૪ મા ઉત્તર હીન્દુસ્તાનમા ફુંકાયો અને આયદા લોભનો થોભ ન રેહતા ૧૯૧૫ મા શાત મુંબઈ નગરીમા પણ જોરશોર સાથે ફેલાયો અને આખરે '**અમારો મહાભારત**' કરી લખાયો અને છપાયો દાનેશમંદ વાચનાર, ધ્યાન ધરજે હ ? '**અમારો મહાભારત**' કીયા મુનશીએ લખ્યો તે નામ નીશાન નાબુદ એ અરસામા આલફ્રેડ કંપનીની મુંબઇની આમદ પોકરાઇ ખટાઉના આવવાની ખબર સંભળાઇ કે દોડાદોડીથી પેલો કેહવાતો "**અમારો મહાભારત**" દાબડામાના ભુતની મીસાલ કુદી પડયો

હવે જો કમતરીન વીચારના વમળમા વીટલાય તો અજબ શુ કે ત્યારે **મહાભારત** મારો કે ...તે પ્રીય વાચનાર તુજ વીચારી લે. હા, મે ઉપર લખ્યુ છે કે અસલ અવતારનો બે અવતાર તો થયો, પણ હાડ પીંજર તો જેતુ તેજ રહયુ એટલે થયુ એમ કે '**અન તેને પુણ અને રાંધે તેને ધુમાડો**' વાળી કેહવત જણુ મોઢે ચરવાઈ તમાચો મારી ગાલ લાલતો બનાવવા જોઇએ ચટણી રોટી ખાઇ મુછપર ઘીના તાવ દઇ પુળાવનો પોકાર તો પોકારવો જોઇએ તેથી '**અમારો મહાભારત**' સીદ્ધ કરવા જો **દાદાભાઈને** ઠેકાણે **કાદાભાઈ** કીધુ, **નદાનાઈને** બદલે **ચદામાઈ** બનાવી તો

શું '**અમારો મહાભારત**' નહી થયો. અનુક્રમે 'કેટલાક સીને સીન લેવા અડધો અડધ (૧૩) ગાયણોની રાહ તેમજ, પોશાકોની હુબહુ ઉતારવી,, ખેલમાં આવતી સામગ્રી વગેરેની આબેહુબ નકલ કરવી એટલાથી ન ધરાતા ખટાઉએ દુર્યોધનના પાર્ટમા ઠેભયા પેહડયા તો તે શા માટે બાકી રાખવા. વગેરેને '**અમારો મહાભારત**' કરી ઉપમા આપવી એ કાંઇ સર્વેથી બને છે?

કદરદાન તમાશબીન, તુ તો ખરો અને ખણુખાણુનો પૈસો ખરચી નાટક નેહાળે છે તુને ખટાઉ યા પારસીનો સરોપગો રાખવાની પરવાહ કે તુમાહ નથી. તારે તો વાજબી વીચારી એટલોજ અદલ ઇનસાફ આપવો છે કે અસલ કોણ અને નકલ કોણ મારો '**મહાભારત**' સરસ છે યા નરસ તે મારો સવાલ નથી હું સર્વે રીતે બહતર ન કમતર છુ મારે તો માન માગ ક પારસીનો છે તેજ ફક્ત સીદ્ધ કરવુ છે હવે કદાચ ચકોર તમાશબીન મન પોતાને એક સવાલ કરશે કે "કાકા કાવસજી, તમોએ શુ કીધુ? તોબા શિકન ઉર્ફે ઇન્તેકામ કયા તમારા દાદાનો?" પ્રાય પ્રેક્ષક જરૂર સેવકને એ સવાલ પુછજે ને તેનો જવાબ સાંભળજે આલફ્રેડ કંપનીએ કોરોનેશન થીએટરમા સનીવાર, તા૦ ૧૨ મી ઓગસ્ટ ૧૯૧૧ ની રાતે 'ઇન્તકામ' નામે જે ખેલ કીધો હતો જ થોડુ ફેરફાર સાથે આજે 'તોબા શિકન' ના નામે ભજવાય છે, તેની ગાયનની ચોપડીમા મારો ખુલાસો તે વાચ્યો હશે, પણ જો ભુલી ગયા હોઓ તો તે પાછો વાચી લેવાની મહેરબાની કરજો

૧૯૧૧ મા કીધેલા ઇન્તેકામના ગાયનની ચોપડીના ખુલાસો

"મારાન તમાશબીન, 'ઇન્તેકામ' નામ તારા કાનને કદાચ નવુ નહી લાગશે અને તેથી જરૂરજ વાહલો વાચનાર એક નીર્ણય ઉપર આવશે કે એ કાંઇ જુનો પુરાણો ચાલીને કુચો કરી નાખેલો એક જુનો ખખડેલો નાટક હશે, પણ આ અદના સેવકને વરસોથી જે પીછાણતા હશે તે આટલો ઇનસાફ આપ્યા વગર રેહનાર નથી કે પારસી મીજાજ ઉપર તરાપ મારી આપતા ઉપર કાપતુ ફેરવી મારી કીર્તી વધારવાનો મારો નીયમ નથી અને તેથીજ એ નાટકને મે જર તથા જોહમતના ભોગે લગભગ નવોજ બનાવ્યો છે. તે છતા એ ખેલને નવુ નામ ન આપતા જુનુજ નામ રાખી આગલા કર્તાને ઇનસાફ આપ્યો છે માટે પ્રમાણીકપણે કબુલવુ જોઇએ કે બેશક આ ખેલમા આગલા એક નાટકનો કેટલોક ભાગ આવશે જો કે તે નાટક

તે વખતની એક નીશફળતા હતી છતાં તે નાટક માહેલો કેટલોક વીષય મને પસંદ પડવાથી એક સારી ચીજ શા માટે રાહમાલ જાય, કાએ નહી લાયક ચીજ લાયક જગા અને કરવૈયા હાથથી કામયાબી પામે, તેનો અનુભવ મેળવવા સેવકે તે ખેલ હાથ ધરી તેની ઇબારત તથા ગાયણો મોટે ભાગે બદલ્યા છે એટલુજ નહી, પણ ખેલનો મુખ્ય આધાર ખાસ જે ખેલનુ વણુ (પલોટ) ગણાય છે, તે પણ બદલી ફેરવી નાખી તે ખેલને નવા રંગ રૂપમા રજુ કીધો છે અને તે પરવરદેગારની મેહેરથી એ ખેલ જયાબી અને જયારેબી ભજવ્યો છે ત્યા એ ખેલ માગ આગલા જુના જાણીતા "અસીરે હીર્સ" "શાહીદે નાજ" "ખુને નાહક" નાટક જેવીજ નામના પામ્યો છે- કદ્રદાન તમાશબીન, આટલો ટકો અને ટચ પણ સાચા દીલનો ખુલાસો મારા મત મુજબ પુરતો છે "

પ્રીય વાચનાર, હવે આ ઉપરથી તુ સેવકને ઇન્સાફ આપી શકશે કે હુ તે અસલ મતા કોણની છે કયારે થઈ હતી અને કેવી થઈ હતી તે દરશાવામા જરા પણ ગરમાયો નથી એટલુજ નહિ પણ એક લાયક ચીજ કમનસીબે નાલાયક ઠરવાથી તેને બેહતર અને બહેતર આકારમા દેખાડવાનુ બીડુ ઝડપી કમતરીને પ્રજા સેવા બજાવી હતી તે તૌબાશિકન ખેલ હાલમા પણ પ્રજાની પસંદગી પુરવાર કરી આપે છે ઇન્સાફી આઝમ ઇન્તેકામની નકલ કરવા માટે હુ વધુ ગુનાહ તો એટલા માટે ઠરુ છુ કે તે એક એવા ખેલની મે નકલ કરી હતી કે જયારે તે ખેલ વરસોથી કબરવાસ થઈ ભુલાઈ ભુસાઈ ગયો હતો એટલુજ નહી પણ નાટક કરનાર કંપનીની હસ્તી વરીક વરસો અગાઉની નાબુદ થઈ ગઈ હતી જયારે કમનસીબે આલફ્રેડ કંપની તો ડંકા ડસકા ખાતી હજી હયાત છે અને તેના '**મહાભારત**' ના મોઢામા તો હજી દાડમના દાણા મીસાલ દાત ઉગે છે, હજી તો તે નાટકી ગુલજારમા તરો તાજા ખીલતા ગુલાબ મીસાલ સુગંધ આપે છે આલફ્રેડ કંપનીના '**મહાભારતે**' દેશી નાટકમા એક રેકર્ડ કીધો છે કે એ '**મહાભારત**' પંજાબ ઉત્તર હીન્દુસ્તાન તેમજ બંગાળમા જયા પણ મોટા યા નાના શેહરમા થયો છે ત્યા આજવેર વધુમા વધુ ૩ પાચથી ઓછામા ઓછા આના આઠના ઓછે ભાવે થયો નથી હજી એટલુજ નહી પણ પંજાબમા તો દર બુધ તથા શની મરદો માટે અને દર ગુરૂવાર ખાસ પડદાનશીન ઓરતો માટે એટલે દર અઠવાડીએ ત્રણવાર ભજવાતો રહ્યો હતો

હજી આલફ્રેડ કંપની હયાત છે. તેનો '**મહાભારત**' હયાત છે. તેનો લખનાર લખાવનાર હયાત છે, તે જાણવા છતાં જો...........કીધા તો તે વાજબી છે કે ગયર વાજબી તેને માટે ઓ વાંચનાર કાંઇ તો બોલ, જરા તો જબાન ખોલ, હક ઈન્સાફ તોલ.

ખયર, હવે "**મહાભારત**" વીશેનું મારૂ ભવીષ્ય તો હું જાણી તેમજ માની ચુકાય કે મારી આશ ઉમેદ તો ઊંધી વળી, ગણત્રીપર તો પાણી ફર્યું. કારણ કે કેહવત મુજબ જે વેહેલ્લો તે પેહેલ્લો એટલે મારો '**મહાભારત**' કચડાઇ ભચડાઈ તો ગયો મારી નવાઇઓ ચુંઠાઈ પીખાઇ તો ગઈ, જર ગયો જશ ગયો સર્વસ્વ ગયું જે '**મહાભારત**' હું પેહેલ્લો દેખાડતે ને નવાઈ ગણાતે તે વાત હવે કયા રહી? મને તો ઉમેદ હતી કે ૫૮ વરસની વૃધ વયે ચાર સાલ બાદ મારી જન્મ ભુમીમાં જાઉચ તો તમાશબીન આલમની અદના સેવા બજાવી કાંઈ જર ને જશ પામીશ પણ જો ખોદાની ગયર મેહરબાનીથી તે ઉમેદ ઉંધી વળી ગઇ તો હવે શાતી ને સબુરી સાથે મારે એટલુજ ગણીમત સમજી લેવુ જોઇએ કે જો મારૂ બુરૂ થવે કોઇનુ ભલુ થઈ શકતું હોએ તો તેજ મારી મેહેનત અને જેહમતનો બદલો મળ્યો.

આ વાર સેવકને પોતાનો એક મરહુમ સલાહકાર મદદગાર તથા ગોઠયો હઇયે ચહડી આવે છે આજે જો તે "કરવૈયો કારસાજી" કે જેને માટે કમતરીનને અતી મોટુ માન છે, તે હયાત હતે તો આવી નામુનાસેબ નકલ મરતા પણ ન કરતા "**મુફતકા માલ કાજીકો હલાલ**" વાળી કેહવત કરી સીદ્ધ ન કરી આપતા જેમ ખટાઉએ '**મહાભારત**' કરી નામના મેળવી તેમજ પોતાની અકકલ તથા બુદ્ધીના બળથી કોઈ બીજોજ **નવો નાટક** રચી તેમા પોતાની કામયાબી હાસલ કરતે અને જાતી હીમ્મત હીકમત આવડત તેમજ પરાક્રમનું પાણી બનાવી પોતાને ફતેહમંદ હરીફ પુરવાર કરી આપતે. પરવરદેગારના શુકરાના અદા કરૂ છુ કે આલફ્રેડ નાટક મંડળીની રત્નજનક ખાણમાથી કેટલાક એવા આબદાર ગૌહર મોતી અને મનમોહન હીરા હીન્દુસ્તાનની નાટકી ભુમીપર પ્રકાશમાન થયા છે કે જેઓએ પોતાની ચમક અને ઝમકથી મુદ્દતોના અંધકાર ઓરડાઓને દીપાયમાન દીવાનખાના બનાવી દીધા છે જે માટે વધુ શાહદતો તથા દાખલા દલીલો વખત આવવે વીવેચણ કરવાની સેવક આશા રાખે છે. હાલતો તેઓની કીર્તી હુનરમંદી અને કારસાજીને ખુશાળીની આખ્યોએ નેહાળતો સંતોષથી બેઠો છુ. ખોદાના હોકમથી હજીપણ હુ હીમ્મત સાથ બીડું ઝડપુ છુ કે મારીજ

તાલીમ તરબીયતથી પુરણીણુ ચંચળ અને ચાલાક બનેલા એ મારા પુરાણા ગોઠયાઓને હું આવો અને મંગલહાસ. (જો કે આ કેહવત દુન્યામાં મજાક તરીકે વપડાય છે પણ હું આ જગે તેને પુર માન અને ઇજજત સાથ ને એક નામાંકીત કીર્તીવત ત્રીમુર્તી તરીકેજ રજુ કરૂ છું) ને અળગ કરો અને પછી તમારી પોતાની તાલીમ તરબીયત પામેલી તમારી આખી ફોજથી મારી મંડળીને તો શુ પણ એકલા મુજ બુઢા ખુસટનેજ આજેજ અમે કાયલ કરી દેખાડો. મારે માટે મગરૂરી કે મોટાઇનો બોલ જો મે કોઈ દીવસેબી વાપડયો હોય તો નાચારીથી ને આજેજ છે જે માટે મને ખોદા માફ કરો પણ જ્યારે સુઇયો ભોકી અને ચીચ્યારી પડાવવાની ફરજ પાડવામા આવી છે ત્યારે તો માગવા વગર માવતરબી ભોજણ આપતી નથી વાલી કેહવતને તાબે થવાની સેવકને ફરજ પડી છે

પ્રીય તમાશ બીન, ત્યારે ઇન્તેકામ માટેના તારા સવાલનો જવાબ મે પ્રમાણીકપણે આપ્યો પણ આગળ વધીને હુજ કહુ છુ કે કાય નહી કોઇ ગ્રહસ્થ યા મારા ધધાદારી ભાઇઓ તરફથી બચાવ રૂપે એમ પુછવામાં કે કેહવામા આવે કે “ '**મહાભારત**' ખટાઉની મતા કેમ ને કયાથી થઇ એ તો એક તવારીખ છે, જેથી જેટલો હક ખટાઉ ને છે તેટલોજ હક બીજાને પણ છે, એટલુ જ નહિ પણ એ ખેલ કેટલીક હીન્દુ ગુજરાતી તેમજ હીન્દુ દક્ષણી કપનીઓ 'સતી દ્રૈપદી' 'કૌરવ પાડવ' પાડવ વીજય' 'ચીર હરણ' વગેરે અનેક નામે કરી ગઇ છે ” હા, એ ખરૂ છે '**મહા ભારત** તવારીખી કથા છે દુન્યાની મતા છે, મારી જાગીર કે જાયદાત નથી અને ગુજરાતી તેમજ મરાઠી ભાષામા તે અનેક કપનીઓએ ભજવ્યો વરીક છે પણ તેને વરસો વહી ગયા છે આલફ્રેડ કપનીએ તો એ ખેલ હીન્દી ભાષામા કરવાનો સાહસ ઉપાડયો અને પેહેલ કીધી તે અગાઉ એ માગ સાહસીક ભાઇઓ કયા કુભકરણની ઉંઘમા ઉઘાયા હતા? આજ છ વરસથી વધુ વખત થયો નાટકી આલમમા આશકારા છે કે ખટાઉ '**મહાભારત**' લખાવે છે, તૈયાર કરે છે ને વખત જતા ભજવશે તે જયારે લખાયો, ભજવાયો, હીન્દુસ્તાનના એક નાકેથી બીજે નાકે સુધી વખાણાયો, ત્યારે કયાથી '**અમારો મહાભારત**' હડાવનારા સાહેબો ગડી રહીને જાગી ઉઠયા, અને જાગ્યા તો ભલે, મુબારક, પણ કાય નહિ પોતાના ભેજાનુ દહી કરી કોઈ બીજોજ ધાર્મીક ખેલ કીધા યા એ ખેલને નવા રગ રૂપમા બતાવ્યો, પણ સેવકે

ઉપર લખ્યા મુજબ સીનોની રચનામાં સીનરી, પોશાકના એક મલતાંપણામાં, ગાયણોની રાહોમાં અર્થાત અનેક ચીજોની નકલ કીધી સીવાય કે કાયદાની ચુંગળમાથી બચવાની મીથ્યા કોશેશ કરી ફોકટના ફાંફાં માર્યા અને કેટલોક ચુઠાડો પીખાડો કરી પારકી મતાને પોતાની ઠોકી બેસાડી '**અમારા મહાભારત**' કહેવાતા ખેલમાં ગવાતા ૧૩ ગાયણોની રાહ ખાસ હમારી મતા છે, કે જે હમારા પ્રખ્યાત ઉસતાદ ઝંડેખા કે જેવણને રૂ ૨૦૦) ને દરમાયાએ ખાસ ગાયણોની તરજ બનાવવા તથા તાલીમ આપવા માટે રોકેલા છે તેમની જાતી પયદાયશની એ રાહો છે ગાયન નબર ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦ તથા તેની સાથનુ તેમજ નબર ૧૨, ૧૮, ૨૨, ૨૩, ઉપલા ૧૩ ગાયણોની રાહ હમારી મતા છે

સેવકના આગળા બીજા નાટકો પણ હીદુસ્તાનના પરપોટા કપનીઓએ કીધા છે, પણ સતોષ તથા ખુશીની બીના તેમા એટલી છે કે તે લોકોએ તે ખેલના પુરા ડ્રામાની યા ગાયખની ચોપડી છપાવી છે તો તે ઉપર તે ખેલ લખનારનુ નામ આપવાનુ સખીપણુ વાપરયુચ ત્યાર "**અમારો મહાભારત**" કયા મુનશીએ લખ્યો છે તે લખવાના સમ્મેકા તીન પાઉ

આખર હવે સેવટની સેવકની માગણી અને મીન્નતગુજારી ઇન્સાફી આલમથી એ અને એટલીજ છે કે ખટાઉ ને ખટાવીન માલદાર બનાવવાની મેહરબાની જોઇએ તો ના કરતો, પણ એ ઇન્સાફી તમાશબીન, એટલી દયાતો ખોદા ખાતર જરૂરજ કરજ કે જે દીવસે તારી તબીયત ચાહે ને તુ ભુલોભટકો કમતરીનના ગરીબખાનામા તશરીફ લાવે અને મારા જુના પુરાણા '**મહા ભારત**' મા તુને કાંઈ એવી ચીજ દેખાય યા સભલાય કે તેજ ચીજ મહજ ફેરફાર યા બદલાયલા અવતારમા કાઇ બીજે ઠેકાણે તન જોયલી યા સભલાયલી જણાય તો તે તકડમ ચોમ ઢાયજમદ દનુ બોહતાણુ કે બદનામી મારે માથે ના મુકતો કારણકે કમતરીનના '**મહા ભારત**' તો આયજ વેશે અને આયજ રગ ઢગે અડી વરસથી ભજવાય છે એટલે સેવક ગુનેહગાર કે બીજો સાહુકાર તેના આધાર તારાજ અદલ ઇન્સાફપર છોડી આ દુખી દીલનુ દાસ્તાન ખતમ કરૂ છુ

તા૦ ૧ લી મ ૧૯૧૫

કમતરીન,

કા પા. ખટાઉ.

બ નામે ખુ દા.

ધી પારસી આલફ્રેડ થીએટ્રીકલ કંપની

મહાભારત નાટકનો ટુંક સાર

સ્થાન ઇન્દ્રપ્રસ્થ (દિલ્હી) હસ્તિનાપુર વિરાટ કુરૂક્ષેત્ર.

અંક પેહલ્લો.

૧. ઇશ્વર સ્તુતિ કર્યા પછી સુત્રધાર નાટકનો પરિચય કરાવે છે

૨ પાંડવોના રાજસુય યજ્ઞમા ભીમ, દુર્યોધન તથા શકુનિને રાજ ભુવનની રચના દેખાડે છે. દુર્યોધન ભુવનની રચના જોઇ ચકીત બની જવાથી જમીનને પાણી અને પાણીને સુકી જમીન સમજીને કુંડમા તુટી પડે છે દ્રોપદી, રૂકમણી સત્યભામા વગેરે હસે છે એટલે ભારતને ગારત થવાનુ બીજ રોપાય છે.

૩ શ્રી કૃષ્ણ ભગવાનનુ પુજન થવાથી શિશુપાલ ખફા થાય છે. યુધિષ્ઠિર તેને સમજાવે છે શિશુપાલનું વધ કરતા શ્રી કૃષ્ણની આગળી કપાય છે. દ્રોપદી તેનીપર પોતાની સાડી ફાડીને લપેટે છે એ ઉપકારના બદલામા જરૂરતને વખતે સાડીઓના થાન આપવા શ્રી ભગવાન પ્રતીજ્ઞા લે છે

૪ ઇર્ષાથી આંધળો થયલો દુર્યોધન પાંડવોનો વૈભવ જોઇને બળે છે, અને આપઘાત કરવાની કોશેશ કરે છે શકુનિ ધૃતરાષ્ટ્રને લાવીને દુર્યોધનના દુ ખનુ નિવારણ કરવા પાંડવોની સાથ જુગાર રમવાની બાજી રચે છે

૫ દ્યુતશાળામા શકુનિ તથા યુધિષ્ઠિર જુગાર રમે છે યુધિષ્ઠિર સર્વસ્વ હારી છેવટે દ્રોપદીને પણ હારે છે દુર્યોધન રજસ્વલા (માસીક માંદગીવાલી) દ્રોપદીને સભામા બોલાવીને નગ્ન કરવા માગે છે તુરતજ કૃષ્ણ ભગવાન પ્રકટે છે અને પ્રતીજ્ઞા મુજબ તેની લાજ બચાવવા પોતાની ખાંપના કપડા તેણીની મદદે મોકલે છે.

અંક પેહલ્લો તમામ.

મધ્યવૃત્તાન્ત.

પાંડવો જુગારમાં હારી જવાથી કૌરવો તેમને તેર વરસનો વનવાસ આપે છે. વનવાસના બાર વરસ પુરાં થયા પછી તેરમું વરસ પાંડવો છુપા વેશે વિરાટમાં ગુજારે છે જે પણ પુરૂ થાય છે એ અરસામાં દુર્યોધન વિરાટપર ચડાઈ લાવે છે. વિરાટ તરફથી પાંડવો લડે છે. અને રાજા વિરાટનો વીજય થાય છે. પેહલ્લા અને બીજા અંકમા તેર વરસનો તફાવટ રહે છે.

અંક બીજો.

૧. બંને બાજુના લશકરો લડાઈની તૈયારીઓ કરતા દેખાય છે.

૨ બને પક્ષોમા લડાઈ ચાલે છે. ભીમની મદદથી વિરાટનો વીજય થાય છે, અને દુર્યોધનનો પરાજ્ય થાય છે પાડવો પોતાના અર્ધા રાજ્યને માટે કૃષ્ણ ભગવાનને દુર્યોધનની પાસે મોકલે છે.

૩ કૃષ્ણ ભગવાનના પરમભકત નન્દાનાઇ સાધુઓની સેવામા મગ્ત તથા મધન બની રોકાઇ રહે છે, જેથી દુર્યોધનની પગ-ચપી કરવા જવામા ઢીલ થાય છે. કૃષ્ણ ભગવાન નન્દાના રૂપમા દુર્યોધનની પગ ચપી કરવા જાય છે, જ્યા રસ્તામા દુર્વાસા ઋષિ ભગવાનને નન્દા સમજી ભોજનની ઇચ્છા જાહેર કરે છે

૪. કૃષ્ણ ભગવાન નન્દા નાઇના રૂપમા દુર્યોધનની પગ સેવા કરીને પાછા વળે છે બાદ નન્દાનાઇ આવી અસુરૂં થવાથી માફી ચાહે છે દુર્યોધન કહે છે કે તુ તો હમણાજ મારા પગ દબાવીને ગયો છે. અસલ ભેદ સમજવાથી નન્દાનાઈ ખુશી થઇ નાચે છે કુદે છે અને કૃષ્ણની જય પોકારે છે. જેથી ક્રોધી દુર્યોધન તેને મારે છે વિશ્નુના ગણો વીમાન સાથે આવે છે અને નન્દાને વિશ્નુલોક લઇ જાય છે દુર્યોધન ફજેતા થાય છે. કૃષ્ણ ભગવાન આવીને દુર્યોધનને પાડવોનો ભાગ આપી દેવા સમજાવે છે, જેથી દુર્યોધન ગુસ્સે થઈ કૃષ્ણને કેદ કરવા જાય છે, પણ ભગવાનના મોજેજાથી દુર્યોધન આજેજ થાય છે.

૫ કુરૂક્ષેત્રમાં લડાઇ ચાલે છે. ભીષ્મપીતામહ રણ સંગ્રામમાં રોજ દસ હજાર યોધ્ધાઓને કાપી નાંખે છે જેથી દ્રોપદીને પોતાના સોહાગની ચિન્તા થવાથી કૃષ્ણ તેણીને સોહાગદાણ અપાવવા લઇ જાય છે.

૬. શિવાલયમા ભીષ્મપીતામહ સમાધીમા બેઠા છે ચેતા ચમારનો દીકરો સેવા મદીરના કુવામાંથી પાણી કાઢવા આવે છે તેથી શાન્તા તેની સાથે તકરાર કરે છે દ્રૌપદી આવીને ઝઘડો ચુકાવે છે તેમજ ભીષ્મ પીતામહ પાસે અખડ સૌભાગ્યના આશીર્વાદ લઇ ને જાય છે બાદ ભાણુમતિ આવી નીરાશ થઈ ચાલી જાય છે

૭ દ્રોણાચાર્યની પાલક પુત્રી શાન્તા દ્રોપદીના ઉપદેશથી મુર્તી પુજા માટે સાચ્ચા દીલની આરતી ઉતારે છે કૃષ્ણ ભગવાન પ્રસન્ન થઇ દર્શન આપે છે અને ચમારના ઘરથી જલદી આવવાનુ કારણ બતાવે છે તેથી દ્રોણાચાર્ય આશ્ચર્ય થાય છે કૃષ્ણ ભગવાન ઇશ્વર ભકિત કેવી હોવી જોઇએ અને કોણને કહવી જોઇએ તે સમજાવે છે

૮ યુધિષ્ટિર કૃષ્ણ પાસથી લડાઇની બાબદમા સલાહ માગે છે

૯ ભીષ્મપીતામહ બાણશયાપર પડેલા છે તેમનુ માથુ લટકે છે અર્જુન તીરના તકિયાથી તેમનુ માથુ ટેકવે છે તથા પ્યાસ લાગવાથી પાતાળમાથી પાણી ઉત્પન્ન કરે છે

૧૦ ભીષ્મપીતામહનો દેહાન્ત થવાથી દૂર્યોધન ગુરૂ દ્રોણાચાર્યને સેનાપતિ બનાવવા માગે છે દ્રોણાચાર્ય દ્રેશના આવેશમા ચેતા ચમારની પુજાની મુર્તી નદીમા નખાવી દેવાની કબુલાત દૂર્યોધન પાસે કબુલાવે છે.

૧૧. ચેતા ચમાર દુર્યોધનના હોકમથી મીત્રમડળ સાથે ઠાકુર પુજન સહીત નદીપર આવે છે દુર્યોધન પુજાની મુર્તી નદીમા નખાવે છે ચેતા ચમાર ભગવાનને સભારે છે. ભાગીર્થી દેવી પુજાની મુર્તી સહીત પાણીમાથી પ્રગટી ચેતાને તે અર્પણ કરે છે

અંક બીજો તમામ.

અંક ત્રીજો.

૧. ભીમ પોતાની પ્રતીજ્ઞા પ્રમાણે દુર્યોધન તથા દુઃશાસનનો વધ કરે છે.

૨ નન્દા નાઇની વહુ સતી સાધવી ગોપી પોતાના રગતપીત્યા પતીની સેવા અને અચલ ભકિતમાં દુર્વાંસા ઋષિને ભોજન કરાવાનુ ભુલી જાય છે.

૩ આગણામા બેઠેલા દુર્વાસા ભીક્ષા ન મળવાથી ગોપીપર ક્રોધમાન થાય છે શ્રાપ દેવા જાય છે, કૃષ્ણ ભગવાન પ્રકટ થાય છે સતીનો વીજય થાય છે

૪ રાજા યુધિષ્ટિરનુ રાજ્ય ભિષેક.

૫. યુધિષ્ઠિર યુયુત્સુ અને યુયુત્સુ પરીક્ષિતને તાજ આપે છે

૬. હિમાલય પર્વતપર યુધિષ્ઠિર સીવાય ચારો પાડવો તથા દ્રોપદી બરફમા ગળી જાય છે. જ્યા ઈંદ્ર દેવતા-પધારે છે અને સર્વેને સ્વર્ગમા લઈ જાય છે

૭ સ્વર્ગમા સ્વર્ગનાં અધિકારી (પાડવ દ્રોપદી વગેરે) પધારે છે અપસરાઓ મંગલ ગાય છે.

સમાપ્ત.

બનામે ખુદા.

મહાભારત

નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ.

શ્રી કૃષ્ણજી જગત પ્રસિદ્ધ છે (જેવણનો પરિચય કરાવવો અપમાન છે.)

યુધિષ્ઠિર
ભીમ
અર્જુન
નકુલ
સહદેવ
} પાંડુ રાજાના પુત્રો, પાંડવો

દુર્યોધન—ધૃતરાષ્ટ્રનો વડો દીકરો, હસ્તિનાપુરનો રાજા

દુઃશાસન—ધૃતરાષ્ટ્રનો દીકરો

વિકર્ણ—ધૃતરાષ્ટ્રનો નાનો દીકરો.

ધૃતરાષ્ટ્ર—દુર્યોધનનો અપંગ બાપ

શકુનિ—ધૃતરાષ્ટ્રનો સાલો, કંધારનો રાજા

શિશુપાલ—ચંદેરીનો રાજા

ભીષ્મ—બાલ બ્રહ્મચારી શાન્તનુનો દીકરો કૌરવ અને પાંડવોનો વડીલ.

દ્રોણાચાર્ય—શસ્ત્ર વિદ્યાનો ગુરૂ.

વિદુર—દુર્યોધનનો કાકો, ભક્તજન

અશ્વત્થામા—દ્રોણાચાર્યનો દીકરો.

વિરાટ—વિરાટ દેશનો રાજા

ઉત્તર—વિરાટનો દીકરો.

સુશર્મા—ત્રિગર્ત દેશનો રાજા, દુર્યોધનનો મિત્ર.

નન્દાનાઈ—દુર્યોધનનો નોકર, કૃષ્ણ ભક્ત.

દુર્વાસા—પ્રસિદ્ધ ઋષિ.

બેહારી—એક દુરાચારી, ગોપીનો પતી.
યુયુત્સુ—દુર્યોધનનો ભાઈ
પરીક્ષિત—અર્જુનના દીકરાનો દીકરો.
ઈન્દ્ર—દેવતાઓનો રાજા.
ચેતા—એક ચમાર, કૃષ્ણ ભક્ત.
સેવા—ચેતાનો દીકરો

દ્વારપાલ, સિપાહી, ગણ, સાધુ, દાસ, વગેરે.

સ્ત્રીઓ.

સત્યભામા } શ્રી કૃષ્ણની પટરાનિઓ.
રૂકમણી }
દ્રોપદી—રાજા દ્રુપદની દીકરી, અર્જુનની સ્ત્રી
ગોપી—નન્દાનાઇની વહુ, એક પતીવર્તા સતીનારી.
ભાનુમતિ—દુર્યોધનની સ્ત્રી.
શાન્તા—દ્રોણાચાર્યની પાલક પુત્રી.
ગંગા—ભાગીર્થી દેવી

સાહેલીઓ સ્વર્ગની અપ્સરાઓ, દાસી, વગેરે.

બનામે બુહા.

નબર ૧

પ્રથમ ૐ કરો ઉચ્ચાર
જો હય આનંદ રૂપ સત ચિત નિત નિર્વિકાર—પ્રથમ
વિશ્વ સકલ નાટક સમ જીવ હય સબ નાટયકાર
રૂપ કોઉ લેત નાહિ અલગ રહત સૂત્રધાર-પ્રથમ
પરદેસે પરખ લેત સબ ક્રિયા ધન દેત સબકો ગિન ગિન
કર નિસ દિન કારબાર દેખ ભાલ કર—પ્રથમ
ૐ શાન્તિ શાન્તિ શાન્તિ

નબર ૨.

ભારતમે કયસે કયસે હુવે વીર
જિન્હોને આન બાનપર જિન્હોને એક જબાનપર તજા શરીર
કહદી જો બાત હય દમકે સાથ ચાહે જમાના હોજાય બેગાના
લાખ બિપત આન પડે તોભી રખતેથે ધીર—કયસે
ભારત નિવાસી કી સંપતથી દાસી ગઈ વો લડાઈ ભિડાઈમે
તમામ
હુવે જબ ધર્મ રહિત કર્મ રહિત શર્મ રહિત સારી વિભૂતી
હુઈ બબાર

નબર ૩

આલી છાઈ આજ જગત ખુશ હાલી
ઉમંડ ઘુમડ આઈ ઘટા પીત વર્ણ લિયે લાલી-આલી
ઉતસવકી છબમાહી સબકે હય નયન લગે
પક્ષિનકે સબ જોડ શુભ આશીશ દેન લગે નિજનિજ બોલીમે
મનહર હયઁ સુરંગ સુમન વિઘન હરત હરિયાલી-આલી
જલચર થલચર વિહંગ સબ ગગનચર વૃક્ષચર
શાખચર ઉદભિજ જરાયુજજ સબ સ્વેદજ અંડજ સબ
મહા મગન મન આલી

નંબર ૪.

મસ્ત નહીં અંખિયા હમરી કુછ નયન નહીં હમરે મતવારે
સુન્દર સૂર સિપાહિ નહીં નહિં કાજલસે હથિયાર સંવારે.
ચંચલ યા ચિતચોર નહીં મૃગલાલકો નાહિં લજાવન હારે
યેગુન હૈ ઈન નૈનનમેં ફિર શામ બને ન ગુલામ તિહાર

નંબર ૫.

દૂધ સમાન અમોલ કપોલ તો હંસ સમાન હયં નદદુલારે
કાહ ન હંસ નિવાસ કરે નિસ બાસર ક્ષીર સમુદ્ર કિનારે
શામ ભયે ઘનશામ પધારત આપકે મંદર જાત સકારે,
લાખ કરે ઉઠના ઉઠના ઉઠને કબ દેત હયઁ નયન તિહારે

નંબર ૬.

કોઈ પ્રીતકી રીત બતાદો નઈ, કરકે જતન મયંતો હાર ગઈ.
છલ છન્દ હયઁ છયલકી નસ નસમેં
નિત ખાત હયઁ ઝૂટીમેરી કસમે
મન ડાલકે સૌતનકે બસમે
સુધ શામને મોરી બિસાર દઈ
તજ માન ગુમાન વો આન મીલે—કોઈ
ઓહતાન હયઁ યે ઇન્કી બતિયાં, રસ રંગમે કાટત હયઁ રતિયાં,
નિત શામ લગાવત હયઁ છતિયાં, યુહીં રાત ગુજારત કઈ કઈ
સચ બાત હય જો યેહ ગિલા મય કરૂં—કોઇ
જો ચાહોકે પ્રીતમ હો અપના, પતી નામકી માલા સદા જપના,
નહીં ગથરકા દેખો કભી સપના, તબ જાનો યે દેહ પવિત્ર ભઈ
ઈસી મોહની મંત્રકા જાપ કરો—કોઈ
નહિં લાભ સમય કુસમયસે કભી
ઠિગઆત ન ઈનહી કે ભયસે કભી
સર બાંહપે ડાલકે અયસે કભી ન નિગાહ નિગાહમે ડાલ દઈ
મુખ ચુમ્બનકી નહિં ચાટચખી—કોઇ
ભલા છોડકે મિસરી ભલીસે ભલી
કભી ખાયેગા કયા કોઇ ગુડકી ડલી
યે હયઁ કામ લતાકી સુરંગ કલી, મયં કટેલી હું કંટકી સૂલમઇ
મોહે કાહે લગાયેંગે શામ ગલે—કોઈ

જિસ્કી હય પતિ પ્રતિ પ્રીત ઘની
વોહિ સાજનકી હય ખરી સજની.
ઉસીકા દિન હય ઉસીકી રજની જિન જાન બલમવાપે વાર દઇ
વોહી ભાગ્યવતી હય સુહાગવતી—કોઈ

નંબર ૭.

સુખમેં સબ આયુ ગુજાર સકે દુઃખ એક ઘડી જબ પાવત હંય
અકુલાવત હય ઘબરાવત હંય પલકો ફિર કલ્પ બતાવત હંય
મન પ્રીતને જીત લિયો જિન્કો અનરીતકે ગીત વો ગાવત હંય
કુછ પ્રેમકે જોશમે હોશ નહીં બસ ઔરોકો દોષ લગાવત હય
વાહજી યે બતિયાં તેહારી યે ઘતિયાં બિહારી, દોનોકા મન
સમઝાંના પૂરે નટખટ હોકાના અયસી હુશયારી—યે બતીયા
માનોજી મોરી માનો, માનોજી ગોરી માનો
બાતે યે કોરી માનો
દોનોંકી દોનો ભોલી હંય
જાહિર બતિયાં અન મોલી હયં લેકિન અંદરસે પોલી
હય જાયે બલહારી એ બતિયાં તેહારી

નંબર ૮.

તોરી ઇતની ચુનરિયાને મન બસ કીનો
મોરી બાંધકે ઉંગરીયા મોહે બાંધ લીનો
ગિનતી કે હયં યે નૌ દસ તાગે ભાવ બઢા જો ઘાવપે લાગે
લાખ ચીરલાકે ધરૂ સહસ બસન મખમલ
અતલસ કુછભી નહીં ઇન્કે આગે

નંબર ૯.

બિમલ કમલ લાગ ભાગ જાગે હાં હાં હાં હાં હાં ઇન્કે
સબસે રહે ખુશ નસીબ તાગે હાં હા હા હા હાં સચહય
ગોવરધન ધાર સકી અબ કટકર ખુન ભરી
દેખો સખી ખેલ કરત મોહનકી ઉગલી
તન મન કુર્બાન કરૂ નંદલાલ હાં હાં હાં હાં હાં સચહય

નમ્બર ૧૦.

મંડપ યે રચો અદ્દભુત છબ અતિ વિશાલ
તોરનકી ફબન દેવન મન મોહે
જિમ સુરપુર ઇન્દ્ર લોક, પાવન હય અશોક
દવાર દવાર પરમાલા હે લટકાઈ
હિલમિલ બલખાતી હય મનમેં અઠલાતી હય
આજ જિયા ઉમગ ભારી સબકો હય

નમ્બર ૧૧.

મુરલી બજાકે સાવરિયાને મોરા મન મોહ લિયો
ઠાડી ચિત્ર સમ સબ વૃજબાલા દેહ ગેહકી સુધ કુછ નાહીં.
ચીર ઉડે અબ કૌન સભાલે હર હરકત મનહર ગતપર
મનમોહ લિયો—

નમ્બર ૧૨

અહો દ્વારકાધીશજી ચિનવો મોરી ઔર
તુમ બયઠે હો ચયનસે લાજ જાત હય મોર
જબ સીતાજીપર વકત પડા તબ દશકંધર કો મારા હય
નરસિંહ રૂપ ધારણું કરકે પ્રહ્લાદકો જાય ઉબારા હય
જબ શંકરપર આફત આઇ તબ ભસ્માસુરકો ભસ્મ કિયા
તીન પેડ પ્રથ્વીકે બદલે બલકો જા પાતાલ દિયા
જહા જહાં બિપત પડી ભકતોંપર તહાં તહાં રક્ષા આપકરી
અબ મેરી બેરકો સોય ગયે કયા મુજસે અયસી ભૂલ ભઈ

બાબ દુસરા

ગાના.

નંબર ૧૩.

જંગીઓ ધાઓ દેર ન લગાઓ ભિડ઼ જાઓ મારો કાટો
કર ડાલો ચૂર ચૂર—જંગીયો
દુશમન સબ ભાગ જાયેંગે રણુસે બેલાગ જાયેંગે
ગાવોં કો ત્યાગ જાયેંગે મરના એકબાર
આખિરકાર હય યે ધારલો શોહરા હો દૂર દૂર-જંગીયો

માતાકે દુધ પીનેકી રખની હય લાજ આજ
રણુમેં મરના સમઝો જીના નિર્ભય રહના
લડકે મરે જો હમ નહીં હય ગમ જરાભી
મીલકર સબ એકબાર, ચલો ચલો, ચલો ચલો
બઢ જાવો સુર સુર—જગીયો

નંબર ૧૪.

રાજ નીતિમે સુજાન જ્ઞાન ખાન તેજવાન
સારે ગુનોકે નિધાન કૃષ્ણ મહારાજ હય
કરેગે ન પક્ષપાત દિનકી ન હોગી રાત
સોચકે કહેગે બાત કાયમ મિજાજ હય
દુર્યોધન અધર્મી હય નીયતભી હય ખરાબ
મિત્ર સબ પ્રપંચી હંય સાથી દગાબાજ હય
માનો હય અથાહ નીર વામે ભવર ગંભીર
પહોચા જો ચાહો તીર કૃષ્ણહી જહાજ હય
જય આ પડત પગમે ડંકા બજત જગમે
સરપર નિરખ મુકટ દુષ્ટજન ડરત સબ—
કરો અરજ અર્જુનકો પત્ર એક લિખે ઉનકો
દુર્યોધન હટ તજદે રખકર ધરમ શરમ—

નંબર ૧૫

ફુક ફુક કર પગ ધર મગમે
લાગ ન જાય સૂલ કહીં પગમે—
પાચ ઠગોકા સાથ છોડદે ઈનકો અપના સમઝ ન જગમે
નજર ફિરતહી ધન હર લેગે, કપટ ભરા હય ઈનકી રગ રગમે—

નંબર ૧૬

બસમે હય ભગવાન ભગતકે
કપટ બિના જિસને ટેરા ઉસને ઘેરા—બસમે
કસાઈ થા જો એક સદના ઉસ અધમકા ભાયા બદના
કિયા ચલના મંદા ધંદા ન ડરતભી ન ડરતભી ન દા નાદાન—

નંબર ૧૭.

આયે સમરસે નાહીં પ્રાણ ધની કુછ ના પાર બસાયે
રૂન્ડ મુન્ડ પડત ધરનીપે હાય—આયે
લાખન યોદ્ધા અબતક કટ ગયે બાકી રહે સો કિતને રહે
અબતો વ્યાકુલ પ્રાણ હંય હમરે કયસી આન બની

નંબર ૧૮.

ભલા હોગા ગરીબોપે રાખો દયા
અરે જારે કમીને મુએ બેહયા—
સમઝાઉં અભી પિટવાઉં અભી
કરો કરો તુમ મન ચાહી
કયસી કયસી ઢીટાઇ દિખાઇ મુઝે અરે ઢેડ જરા નહિ લાજ તુઝે
હુઇ યે ખતા લો જુતે ગિન ગિન કર મારો—ભલા

નંબર ૧૯

શાહકી ઔલાદ હય યા લાલ હય કંગાલકા
હય ઋષિ સતાન યા બેટા કિસી ચંડાલકા
જાતકા યા કોમકા પુરસાં વહાં કોઇ નહીં
પૂછ હય કર્મોકી સારા માન હય આમાલકા
સબ હય બાલક એક પિતાકે ઉજલે હંય યા મયલે
નજર પડા જો લાયક બેટા પુચકારત ઉર લાકે—સબ

નંબર ૨૦.

અજબ હયરાન હૂં ભગવન તુમ્હે કંયૂકર રિઝાઊં મય
કોઇ વસ્તૂ નહીં અયસી જિસે સેવામે લાઉ મય
કરૂં કિસ તરહા આવાહન કે તુમ મોજુદ હો હરજા
નિરાદર હય બુલાનેકો અગર ઘંટી બજાઉ મય
તુમ્હી હો મૂરતીમેભી તુમ્હી વ્યાપક હો ફૂલોંમે
ભલા ભગવાનપર ભગવાનકો કયૂંકર ચઢાઉં મય
લગાના ભોગ કુછ તુમકો યે એક અપમાન કરના હય
ખિલાતા હય જો સબ સંસારકો ઉસ્કો ખિલાઉ મંય
તુમ્હારી જયોતિસે રોશન હય સૂરજ ચંદ્ર ઔર તારે

મહા અંધેર હય તુમકો અગર દીપક દિખાઉં મંય
ભુજાયે હય ન સીના હય ન ગરદન હય ન પેશાની
કે હય નિર્લેપ નારાયણ કહાં ચંદન લગાઉં મંય—

નંબર ૨૧.

ફિરતે હય તગ દાને દાનેકો દાના
કર્મોંસે જબ આતા હય બુરા જમાના
ઠડે જલમે દે હાથ તો જલ જાતે હય
હોટોપે ગ્રાસકે પાઉ ફિસલ જાતે હંય
વિષ્ણુ બાહનકો સાપ નિગલ જાતે હય
દુશમનકે સામને સરકે બલ જાતે હય
પડતા હય નીચકે આગે સીસ ઝુકાના—કર્મોંસે જબ૦
ધન.બલ ગુન સાથી કોઇ નહીં ઇસ દિનકા
દુન્યામે કરે કયા ખાક ભરોસા ઈનિકા
બલ દસ હજાર હાથીસે અધિક થા જિન્કા
જબ આયે બુરે દિન તોડ સકે નહી તિનકા
કુછ યાદ નહી રહતા હથીયાર ચલાના-કર્મોંસે જબ૦

નંબર ૨૨

અયસોજી રામ નામ રસ ખાન
મૂરખ યાકો કભી ન પીવે પીવે ચતુર સુજાન—
નારદને સારદને પિયો યાકો બોલ બોલ
બાલમિક બ્યાસજીને પિયો યાકો તોલ તોલ હરે—
સનક સનદનને પિયો યાકો ડોલ ડોલ
પારવતી શકરને પિયો નિત ઘોલ ઘોલ
રોલ રોલ પિયો હનુમાન—અયસોજી (અજ્ઞાત)

નંબર ૨૩

नमो नलिन नेत्राय वेणु वाद्य विनोदिने ।
राधाधर सुधा पान शालिने बन मालिने ॥
नमस्तुभ्य भगवते पुरुषाय महात्मने ।
वासुदेवाय कृष्णाय सत्वनां पतये नम ॥

નંબર ૨૪

મહા અધમ મય નીચ વેદ શસ્ત્ર પઢા નહીં
આવાહુન નહીં યાદ યાદ હુય તુમ્હરી દયા
જો જો ભકત જહાં તિરે અધિકારી વો લોગ થે
તારો બિના અધિકાર આપકા જબ નામ હય

નંબર ૨૫

નાચો નાચોરે યાર પ્રીતમ મેરે પાસ આ ગયે
ગરવા લગાઉં કે સરપર બિઠાઉં
તન મન સભી ડારૂ વાર—પ્રીતમ

બાબ તીસરા

ગાના

નંબર ૨૬

મન પછતાઈ હુય અવસર બીતે
દુર્લભ દેહ પાઈ હરિ પદ ભજ, બચન કરમ ઔર હીતે મન
સહસ બાહુ દશ બદન આદિ નૃપ, બચે ન કાલ બલી તે
હુમ હુમ કર ધન ધામ સવારે અત ચલે ઉઠ રીતે-મન
(ચૌપાઈ)

ગલા ચુકે સબ તન કા જામા, મદિરા પીતે પીતે
અબ ટાકે ભી નહીં ઠહરતે, થક ગયે સીતે સીતે-મન
મન થા મગન વ્યસનકે મજે લૂટ લૂટકર
બદકારિયોપે ખુબ પડા ટુટ ટુટકર
અન્ધા શબાબ થા તો નથી યે ખબર મુઝે
નિકલેગે પાપ તનસે મેરે ફૂટ ફૂટકર-મન

રામ નામ લીનો નહીં, હરસો કિયો ન હેત
અબ પછતાયે હોત કહા, ચિડયે ચુગ ગઇ ખેત
(દોહા)

નંબર ૨૭

જગતકો દેનેવાલે ચાહે કુછ તગીસે અન જલ દે
કરૂ મંય પીકી સેવા પ્રેમસે અયસા મુઝે બલદે—

મુઝે જર દે ન જેવર દે ન રેશમ દે ન મખમલ દે
મગર કુષ્ટિ બલમકો ચયન દે, આરામ દે, કલદે—
યે દોનોં પુતલિયાં હુંય બન સકે ઈનકા અગર મરહુમ
નિકાલ આંખેં મેરી ઔર ઇન્કે જખમોંપર ઇન્હે મલદે—
તમન્ના હુય કે ઇસ દુન્યાસે મય પહેલે ચલી જાઉ
કહીં અયસા ન હો ભરતાર મુજકો છોડકર ચલદે—

નંબર ૨૮

યે તાજ હોતા હુય સાયા ગુસ્તર કિસીકે સરસે કિસીકે સરપર
નહીં હુય સતોષ ઈસ્કો દમભર કિસીકે સરસેકિસીકે સરપર—
કરાર ઈસને કહીં ન પાયા કે હુય યે શાખે શજરકા સાયા
જો પહુંચતા હુય ઉતર ઉતર કર ફકિસીકે સરસે કિસીકે સરપર
જો સર હુય પરદા સિતારકા હુય યે પોરૂવા તન્ત કારકા હુય
રવા દવાં ઉગલિયાં હુંય યકસર કિસીકે સરસે કિસીકે સરપર

